જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૮/૨૦૧૮ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૬૦૯/૧૮

## વેજલપુર પોલીસ સ્ટેશન :

વેજલપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.-૧૧૭/૨૦૧૮ ઇ.પી.કો. કલમ-૩૦૭,૩૨૩,૨૯૪(ખ),૩૪ તથા આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧)(બી)(એ), ૨૭(૧) મુજબના ગુનાના કામે ફરીયાદી ફરીયાદી અબ્દુલ રહીમ ખાલીદખાન ઉ.વ.૩૭ રહે : ૨૮૮, મોઇન મંઝીલ, મોટી સોદાગરની પોળ, જમલાપુર, અમદાવાદ શહેર નાઓને આ કામના આરોપીઓએ ભેગા મળી ફરીયાદી ની કંન્સ્ટ્રકશન સાઈટ ગુનાવાળી જગ્યાની બાજુમા બાંધકામ ચાલુ હોય જે બાંધકામ નહી કરવા બાબતે તા.૧૯/૦૮/૨૦૧૮ ના કલાક ૧૭/૧૫ વાગ્યાના સુમારે ફરીયાદીને ગડદાપાટુનો માર મારી ગંદીગાળો બોલી મારી નાખવાની ધમકી આપી ફરીયાદીને મારી નાખવાના ઈરાદે આરોપી નં.૧ ઐયુબખાન નાએ પિસ્ટલ જેવા સાધન વડે બે રાઉન્ડ ફાયર કરી તેમજ તેજ પિસ્ટલ વડે આરોપી નં.૨ શફદરખાને બે રાઉન્ડ ફરીયાદી પર ફાયરીંગ કરી ખુન કરવાની કોશીષ કરી ચારેય આરોપીઓ ફોર્ચ્યુનર તેમજ સીયાઝ કારમા નાશી જઈ ગુનો કરેલ હોય જે ગુનાના કામે આરોપીઓને ઝડપી લેવા સારુ મે. સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ અને મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એમ" ડીવીઝન નાઓના સુપરવીજન હેઠળ સીનીયર પોલીસ ઈન્સ્પેક્ટર એ.વી.પટેલ અને સેકન્ડ પોલીસ ઈન્સ્પેક્ટર એ.યુ.ટાપરીયા નાઓએ આ કામના આરોપીઓને ઝડપી લેવા સારુ વેજલપુર પોલીસ સ્ટેશનની બે ટીમો પો.સ.ઈ શ્રી એ.ડી.દેસાઈ અને પો.સ.ઈ શ્રી આર.ડી.રોહીત નાઓની બીજા સ્ટાફના માણસો સાથે બનાવી આરોપીઓની તપાસ કરતા દરમ્યાન બાતમી હકીકત મળેલ કે આ કામના આરોપીઓ જુહાપુરા ક્લાસીક હાઈટ્સ નામના ફ્લેટમા રહેતા તેમના મિત્ર સોયેબભાઈ પટેલ ના ત્યાં મળવા આવનાર છે જેથી તેઓની વોચમા રહેલ અને ઉપરોક્ત ચારેય આરોપીઓ આજરોજ કલાક ૨૦/૦૦ વાગે આવતા તેઓને તુરંતજ પકડી લઈ ગુનો ગણતરીના સમયમા શોધી કાઢી પ્રશંશનીય કરેલ છે તા.૨૦/૦૮/૨૦૧૮

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :

મહે પોલીસ કમિશ્નર શ્રી એ.કે.સિંગ સા તથા અધિક પોલીસ કમિશ્નર અશોકકુમાર યાદવ સા તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી નીરજ બડગુજર સા તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી"ડીવીજન શ્રી જે.પી.રાઓલ સા નાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેકટર શ્રી વી.આર.ચૌધરી સા નાઓની સુચના મુજબ સર્વેસ્કોડના પો.સબ.ઇન્સ પી.કે.દવેરા તથા તેઓની ટીમ ના માણસો હેકો જીતેન્દ્રસિહ તથા પોકો રૂશીરાજસિહ જીતેન્દ્રસિહ તથા પોકો હરપાલસિહ તથા પોકો મયુરસિહ તથા પોકો અનુપસિહ નાઓ કૃષ્ણનગર.પો.સ્ટે મા બનેલ મીલકત સંબધી ગુન્હા શોધી કાઢી આરોપીઓ વિરુધ્ધ કાર્યવાહી કરવાની કામગીરી મા હાજર હતા દરમ્યાન બાતમી હકીક્ત આધારે કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ ર નં ૧૫૭/૨૦૧૮ ઇપીકો કલમ ૩૭૯,૧૧૪, મુજબના કામે સી.સી.ટી.વી આધારે દેખાતા આરોપીઓની તપાસ કરતા મુખ્ય આરોપી હેમરાજ ઉર્ફે હેમુ સ/ઓ અમરસિંગ પહલાદજી જાતે સોલંકી(બાવરી) ઉ.વ.૪૦ રહે.મ.નં-એ/૭૮૦,જે.જે.કોલોની.પંખા રોડ.ઉત્તમનગર ન્યુ-દિલ્હી નાને ન્યુ દિલ્લી ખાતે થી પકડી લીધેલ અને તપાસ દરમ્યાન આરોપી પાસે થી ઉપરોક્ત ગુનાની ચોરીએ ગયેલ સોનાની ચાર બંગડીઓ તથા સોનાની ચેઇન ની ઓગાળેલ સોનાની રણી નંગ ૦૧ વજન ૪૬ ગ્રામ,૮૦ મીલી કિરુ ૧,૦૩,૫૦૦/ની મતાનો મુદ્દામાલ કબજે કરવામા આવેલ છે.

તેમજ ઉપરોક્ત આરોપી ને અટક કરી તપાસ દરમ્યાન યુક્તિ પ્રયુક્તિ થી પુછપરછ કરતા પોતે અમદાવાદ શહેર ના જુદાજુદા વિસ્તારોમા એકલા જતા રાહદારી ઓને ભોળવી વિશ્વાસ મા લઇ રુપીયા નુ બંડલ બતાવી રાહદારી એ શરીરે પહેરેલ દાગીના કઢાવી લેવાના ગુન્હા કરેલ છે,જેથી સદરી આરોપીની ધરપકડ બાદતેઓની પુછપરછ દરમ્યાન તેણે બતાવેલ જગ્યાઓ આરોપીને સાથી રાખી તપાસ કરતા આરોપીએ છેલ્લા બે માસ મા નીચે મુજબના ગુન્હા કરેલાની કબુલાત આપેલ છે.અને હાલમા તપાસ ચાલુ છે,

| અનુ | પો.સ્ટે | બનાવની તારીખ | જગ્યા |
|---|---|---|---|
| ૧ | કાગડાપીઠ | આજથી બે માસ અગાઉ બપોરના આશરે બે વાગે. | જગતનગર સોસાયટીના બસસ્ટેંડ પાસે એક ઉમરલાયક વૃધ્ધ માણસ પાસેથી એક સોનાની વીટી તથા રુ ૫૦૦/ કઢાવી લીધેલ, |
| ૨ | કારંજ | આજથી દોઢ માસ પહેલા બપોર ના આશરે બાર વાગે | લાલદરવાજા દરગાહ પાસે એક મુસ્લીમ ઉમર લાયક માજીના કાનની સોનાની બુટ્ટી કઢાવી લીધેલ, |
| ૩ | ઓઢવ | આજથી એક માસ પહેલા બપોરના સાડા બાર વાગે. | સોનીની ચાલી થી ઓઢવ તરફ જતા કાચા રોડ ઉપર એક ઉમર લાયક માજીના કાનની સોનાની બુટ્ટી કઢાવી લીધેલ, |
| ૪ | રામોલ | આજથી બે માસ પહેલા બપોરના આશરે બે વાગે. | સી.ટી.એમ રોડ થી રામોલ તરફ જતા રોડ ઉપર એક એક ઉમર લાયક માજીના કાનની સોનાની બુટ્ટી તથા એક સોનાની વીટી કઢાવી લીધેલ, |

શાહીબાગ પોલીસ સ્ટેશન :

આજરોજ તા.૨૦/૦૮/૨૦૧૮ ના રોજ અમો તથા સર્વેલન્સ પો.સબ.ઇન્સ. શ્રી વી. પી. મકવાણા તથા હે.કો. વસંતકુમાર નટવરલાલ બ.નં.૮૨૦૧ તથા હે.કો. વિજયસિંહ હિન્દુજી બ.નં.૩૧૧૯ તથા બીજા સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના હે.કો. વિજયસિંહ હિન્દુજી બ.નં.૩૧૧૯ નાઓને ચોક્કસ બાતમી હકીકત મળેલ કે શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નો પાસા અટકાયતી વોરંટ વાળો ઇસમ શ્રી આકાશ S/O વિનોદભાઈ પટણી (સાંગડીયાવાળા) ઉ.વ.૧૯ નાનો ઘણાં સમયથી નાસતો ફરે છે અને હાલ અસારવા તળાવ પમ્પીંગ સ્ટેશન પાસે બેસેલ છે. જે બાતમી હકીકત આધારે અમોએ તથા સ્ટાફના માણસો સાથે વોચ કરતાં સદરી ઇસમ પમ્પીંગ સ્ટેશનના કમ્પાઉન્ડમાં બેસેલ હોય સદરીને સદર જગ્યાએથી પકડી લીધેલ અને સદરીનું નામઠામ પુછતાં પોતે પોતાનું નામ શ્રી આકાશ S/O વિનોદભાઈ પટણી (સાંગડીયાવાળા) ઉ.વ.૧૯ ધંધો.નોકરી રહે-કડીયાની ચાલી, નવી રોડ, સંતોષી માતાના મંદીર ની પાછળ, અસારવા, શાહીબાગ, અમદાવાદ શહેર. મુળ વતન ગામ.મોતીસા દરવાજા તા.જી.પાટણ નાનો હોવાનું જણાવતાં સદરીને પોલીસ સ્ટેશન લાવી સદરી વિરુધ્ધનો પાસા અટકાયતી વોરંટ હુકમ ક્રમાંક:/પીસીબી/ડીટીએન/પાસા/૬૭૭/૨૦૧૮ તા.૦૩/૦૮/૨૦૧૮ ની આજરોજ તા.૨૦/૦૮/૨૦૧૮ ના કલાક ૧૨/૩૦ વાગે બજવણી કરી મધ્યસ્થ જેલ, રાજકોટ ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે.

સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન :

**શ્રાવણીયો જુગાર રમતા કુલ-૦૭ કર્મચારીઓને પકડી પાડતી સોલા હાઇકોર્ટ પોલીસ**

મે પોલીસ કમિશ્નર સાહેબના હુકમ આધારે મે સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ સાહેબ તથા મ.પો.કમી.શ્રી "એ" ડીવીઝન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ તેમજ સોલા પો.સ્ટેશનના સીની.પો.ઇ.શ્રી જી.એસ.શ્યાન તથા સેકન્ડ પો.ઇન્સ શ્રી ડી.એચ.ગઢવી નાઓના સીધા સુપરવિઝન હેઠળ આજરોજ તા-૨૦/૦૮/૨૦૧૮ ના કલાક ૧૯/૦૦ વાગે સોલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ગોતાબ્રિજથી આગળ સ્ટાર લાઇન મારૂતી સર્વિસ સેન્ટર ની બાજુમાં, આવેલ ખુલ્લા ખેતરમાં જાહેરમાં કેટલાક ઇસમો પૈસા પાનાથી હારજીતનો જન્ના મન્નાનો જુગાર રમતા હોવાની બાતમી હકીકત આધારે પો.સ.ઇ. ડી.આર.રાઠોડ નાઓએ સ્ટાફના માણસો સાથે સદર બાતમી હકીકત વાળી જગ્યાએ રેડ કરી જુગાર રમતા ભારત ગેસ એજન્સીના કુલ-૭ ઇસમોને સ્થળ ઉપરથી પકડી પાડેલ અને તેઓની અંગજડતીમાંથી મળેલ રોકડા રૂપીયા તેમજ દાવના નાણાં રૂ-૨૩૪૬૦/-તેમજ મોબાઇલ ફોન નંગ-૭ કિં.રૂ-૨૭૫૦૦/-મળી કુલ રૂ-૫૦૯૬૦/-ની મત્તાનો મુદ્દામાલ કબજે કરવામાં આવેલ અને સદરી સાતેય આરોપીઓ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી સોલા હાઇકોર્ટ પો.સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં-૩૨૧૭/૨૦૧૮ ધી જુગાર ધારા કલમ-૧૨ મુજબનો ગુનો શોધી કાઢતી સોલા હાઇકોર્ટ પોલીસ.

**<u>નારોલ પોલીસ સ્ટેશન :</u>**

## નારોલ સંજરીપાર્ક ખાતે જાહેરમાં જુગાર રમતા છ ઇસમોને જુગાર રમવાના સાધનો સાથે કુલ્લે રૂપિયા-૧,૩૩,૫૫૦/૦૦ નો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી નારોલ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ અધિક પોલીસ કમિ. શ્રી સેકટર-૨ સા. શ્રી તેમજ ના.પો.કમિ.શ્રી, ઝોન-૬ સા. તેમજ ઇ.મ.પો.કમિ.શ્રી "કે"" ડીવીઝન અમદાવાદ શહેર શ્રી વી.એમ.જાડેજા સા. નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ ઇંસ્પેકટર આર.એ.જાદવ તથા સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઈન્સ એ.જી.બ્રિદતથા સાથેના હે.કો. ઇન્દ્રજીતસિંહ ભુપતસિંહ બ.નં.૯૫૮૭ તથા પો.કો. કાનાભાઇ સુરાભાઇ બ.ન.-૧૦૦૮૭ તથા પો.કો.વિરેન્દ્રસિંહ રૂપસિંહ બ.ન.-૯૯૩૪ તથા પો.કો. જીતેંદ્રસિંહ લાખુભા બ..ન-૯૮૬ તથા પો.કો. ઇંદ્રજીતસિંહ પરબતસિંહ બ.નં.૯૯૫૮ તથા પો.કો. ગોવિંદસિંહ દીલીપસિંહ બ.નં.૧૦૧૯૭ તથા પો.કો. ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ બ.નં.૫૯૧૮ નાઓ સાથે નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા જે દરમ્યાન ફરતા-ફરતા કલાક-૨૧/૦૦ વાગે આકુતિ ટાઉનશીપની પાસે આવતા સાથેના પો.કો. ઇંદ્રજીતસિંહ પરબતસિંહ નાઓની બાતમી હકીકત આધારે ખ્વાજા નગરની બાજુમાં સંજરીપાર્ક ખાતે મોબાઇલ ફોનની લાઇટના અજવાળે ખુલ્લી જગ્યામાં ગોળ કુડાળુ કરી જાહેરમાં જન્ના-મુન્નાનો હાર જીતનો જુગાર રમી રમાડતા આરોપીઓ વારીશ હુસેનભાઇ શેખ ઉ.વ-30 રહે-મ.નં.૨૦૨ સિલીકોન વેલી સૈયદવાડી વટવા અમદાવાદ +૦૫ =૦૬ નાઓને પકડી તેઓની અંગ જડતીના કુલ રૂપિયા-૧,૧૯,૧૫૦/૦૦ તથા દાવના રૂ-.૩૪૦૦/૦૦ તથા ગંજીપાના નંગ ૫૨ કિં.રૂ ૦૦/૦૦ તથા મળી આવેલ મોબાઇલોની કિંમત રૂપિયા-૧૧૦૦૦/૦૦ મળી કુલ્લે રૂપિયા-૧,૩૩,૫૫૦/૦૦ નો મુદ્દામાલ સાથે પકડેલ હોય જે બાબતે નારોલ પોલીસ સ્ટેશન સે.ગુ.ર.નં. ૩૧૮૭/૨૦૧૮ ધી જુગાર ધારા કલમ ૧૨ મુજબનો ગુનો રજીસ્ટર કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

**<u>સુરક્ષા સેતુ રથ :</u>**

“ઈસનપુર” પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, “ઈસનપુર” પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.







નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.